ગાંધીનગર સમાચાર

# રેડ ક્રોસ દ્વારા સેવાકાર્યોની મહેક પ્રસરાવાઈ





ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા તાજેતરમાં સેવાકાર્યોની મહેક પ્રસરાવવામાં આવી હતી. સંસ્થા દ્વારા વિધવા બહેનોને સાડીઓ, જરૂરિયાતમંદ બાળકોને સ્લીપર અને નાની બેગ, નાસ્તાના ડબ્બા, બહેનોને ડ્રેસનું કાપડ આપવામાં આવ્યું હતું. રૂપાલ, અનુસૂચિતવાસ, સોનીપુર અને કોલવડાના ઈન્દિરાનગર ખાતે સંસ્થાના સ્વયંસેવક રામસિંહભાઈ (દેના બેંક), પરીખદાદાના હસ્તે આ સેવાકાર્યો સંપન્ન કરવામાં આવ્યાં હતાં.

### ધોરણ-૧૨ સાયન્સમાં બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા માટે માગણી વ્યક્ત કરાઈ

# પૂરક પરીક્ષા બાબતે બોર્ડ સમક્ષ અનેક રજૂઆતો

## બિનસત્તાવાર માહિતી પ્રમાણે એક વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની જ પૂરક પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૧૨

ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયા બાદ પૂરક પરીક્ષાને લઈને વાલીઓમાં ભારે મુંઝવણ ફેલાઈ છે. ગત વર્ષે ધો.૧૨ સાયન્સમાં બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવી હતી. જોકે, ચાલુ વર્ષે બે વિષયના બદલે માત્ર એક જ વિષયની પૂરક પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. એક જ વિષયની પૂરક પરીક્ષાના નિર્ણયથી અનેક વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષાથી વંચિત રહે તેવી સ્થિતિ સર્જાઈ છે. સાયન્સમાં બે વિષયની પૂરક પરીક્ષા લેવા માટે બોર્ડ સમક્ષ અનેક રજૂઆતો થઈ છે. આ રજૂઆતો બોર્ડના ચેરમેન સુધી પહોંચાડવામાં આવી છે અને તેઓ આ અંગે અંતિમ નિર્ણય લેશે. જોકે, હાલના તબક્કે તો એક જ વિષયની પૂરક પરીક્ષા લેવાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સનું પરિણામ ૯ મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થયા બાદ હવે પૂરક પરીક્ષાને લઈને મુંઝવણો ઊભી થઈ છે. ધો.૧૨ સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ હતી ત્યારે વિદ્યાર્થી ગમે તેટલા વિષયમાં નાપાસ થયા હોય તેઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે તેવો નિયમ હતો. જોકે, ૨૦૧૮ની બોર્ડની પરીક્ષા સેમેસ્ટર સિસ્ટમ વગર લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામ આવ્યા બાદ બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય લેવાયો હતો.

જોકે, ચાલુ વર્ષે ધો.૧૨ સાયન્સમાં એક જ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીને પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય લેવાયો હોવાથી અનેક વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપી શકશે નહીં. ધો.૧૨ સાયન્સના પરિણામમાં ૧૪૯૮ વિદ્યાર્થી એક વિષયમાં નાપાસ છે. જ્યારે ૧૦૧૩૧ વિદ્યાર્થી બે વિષયમાં નાપાસ થયા છે. હવે, બોર્ડ દ્વારા માત્ર એક જ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાનું નક્કી કર્યુ છે. જેના પગલે માત્ર ૧૪૯૮ વિદ્યાર્થીઓ જ આગામી જુલાઈ માસમાં ધોરણ-૧૨ સાયન્સની પૂરક પરીક્ષા આપી શકશે.

પૂરક પરીક્ષા બે વિષયની લેવામાં આવે તે માટે બોર્ડ સમક્ષ સંખ્યાબંધ રજૂઆતો થઈ છે. આ રજૂઆતો હવે બોર્ડના ચેરમેન સમક્ષ મોકલવામાં આવશે અને તેઓ પૂરક પરીક્ષા અંગે નિર્ણય લેશે. પૂરક પરીક્ષા જો બે વિષયની લેવામાં આવે તો ધો.૧૨ સાયન્સના ૧૧૬૨૯ જેટલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.

આમ, બે વિષયમાં નાપાસ થયેલા ૧૦૧૩૧ વિદ્યાર્થીઓ હાલ તો પરીક્ષાથી વંચિત રહે તેમ લાગી રહ્યું છે.

## જન્મદિને વધામણી



**પી એચ ગોહિલ**
એડવોકેટ, એક્ઝી. કમિટી મેમ્બર, શિવરંજની સંસ્થા



**અખિલેશ તિવારી**
મો. ૯૯૨૫૯ ૧૦૨૪૮



**અલય હિતલ પારેખ**
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# યુનિવર્સિટી જાતે ફી નક્કી કરી શકે નહીં : હાઈકોર્ટ

ગાંધીનગર, તા. ૧૨

કોઇ પણ યુનિવર્સિટી સરકારી ગ્રાન્ટ લેતી હોય ત્યારે તેવા સંજોગોમાં તેની ફીના ધારાધોરણ નક્કી કરવાની સત્તા સરકારની રહે છે. આવા કિસ્સામાં યુનિવર્સિટી પોતાને મનફાવે એ રીતે જાતે જ ફી નક્કી કરી શકે નહીં. ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (GFSU) પોતાની જાતે જ M. Tech સાયબર સિક્યોરિટી કોર્સની ફી નક્કી કરી શકે એ માટે તેને ફી રેગ્યુલેટરી કમિટી અને એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસમાંથી બાકાત રાખવાના ઠરાવને હાઈકોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ એ.સી. રાવની ખંડપીઠે રદ કરતાં કાયદાની ઉક્ત સ્પષ્ટતા કરી આપી છે. યુનિવર્સિટીને ફી કમિટીમાંથી બાકાત રાખવાના ઠરાવ અને તે ઠરાવ અનુસંધાને કરાયેલી જાહેરનામાને પણ હાઈકોર્ટે રદ કર્યો છે. સાથે જ યુનિવર્સિટીને આદેશ કર્યો છે કે તેઓ સરકાર સમક્ષ ફીના નિર્ધારણ માટે આ ચુકાદાના ચાર સપ્તાહમાં જાય અને સરકાર શક્ય એટલી ઝડપે પરંતુ આઠ સપ્તાહની અંદર યુનિવર્સિટીની ફીનું નક્કી કરે.

M. Tech સાયબર સિક્યોરિટી કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી સંદીપ મુંજ્યાસરાએ પાર્ટી ઈન પર્સન તરીકે રિટ કરીને એવી રજૂઆત પણ કરી હતી કે, 'જે યુનિવર્સિટી કે સંસ્થા સરકારી ગ્રાન્ટ ન મેળવતી હોય તેની ફી નક્કી કરવાની ઓથોરિટી ફી કમિટી છે. જ્યારે કે તે સિવાયની ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓ માટે સરકાર ફી નક્કી કરી શકે છે. GFSU ૧૦૦ ટકા સરકારી ગ્રાન્ટ મેળવે છે, ત્યારે તેની ફી નક્કી કરવાની સત્તા સરકારની છે. તેથી સરકારે પ્રોફેશનલ કોર્સ માટેની જે ૧ ૧૫૦૦ની ફી નક્કી કરી છે તે જ લેવી જોઈએ. વિદ્યાર્થીઓએ ૧ ૨,૯૩,૧૦૦ની જે ફી ભરી છે, તેમાંથી ૧ ૧૫૦૦ કાપી બાકીના રૂપિયા વ્યાજ સહિત પરત કરવા જોઈએ.'

આ મામલે ખુદ યુનિવર્સિટીએ સોગંદનામું કરીને સ્પષ્ટ કર્યું હતું કે, 'GFSU પ્રારંભથી જ સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવી રહી છે. જો કે, તેની તમામ આવકનું રોકાણ યુનિવર્સિટી દ્વારા તેના અપગ્રેડેશન અને મેઈન્ટેનન્સ માટે તથા સ્ટાફના પગાર ચૂકવવા માટે અને નવી માળખાગત સુવિધાઓ ઊભી કરવા પાછળ કરવામાં આવે છે. જેથી ફોરેન્સિક સાયન્સના ક્ષેત્રે ઊભરતી માગને પૂરી કરી શકાય.'

હાઈકોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે આ પિટિશનને આંશિક ગ્રાહ્ય રાખતાં યુનિવર્સિટી જાતે ફી નક્કી કરી શકે નહીં તે સ્પષ્ટતા કરી હતી. અલબત્ત, ફી પરત કરવાની માગ સ્વીકારી નથી. પરંતુ ખંડપીઠે નોંધ્યું છે કે, 'અરજદારને એ છૂટ આપવામાં આવે છે કે એકવાર રાજ્ય સરકાર યુનિવર્સિટીની ફીનું નિર્ધારણ કરે ત્યારબાદ અરજદાર કાયદા મુજબ યોગ્ય ઓથોરિટી સમક્ષ ફી પરત મેળવવા સંદર્ભે અરજી કરી શકે છે.' આ સાથે હાઈકોર્ટે આ રિટનો નિકાલ કર્યો હતો. આ કેસની હકીકત એવી છે કે વર્ષ ૨૦૧૭માં GFSUના ત્રણ વિદ્યાર્થીઓએ ફી રેગ્યુલેશન કમિટીને ફરિયાદ કરી હતી કે યુનિવર્સિટીએ કમિટી સમક્ષ ફી નક્કી કરાવી નથી અને પોતાની રીતે નક્કી કરેલી લાખો રૂપિયાની ફી વસૂલે છે. તેથી તેને કાયદા મુજબ રૂ. ૨૦ લાખનો દંડ થવો જોઈએ. તેથી કમિટીએ યુનિવર્સિટીને ફી નક્કી કરાવવા કમિટી સમક્ષ જવાનું કહ્યું હતું. પરંતુ યુનિવર્સિટીએ એવી જાણ કરી હતી કે તેઓ પહેલાં સરકાર સમક્ષ રજૂઆત કરશે અને પછી કમિટીને એ અંગે જણાવશે. ત્યારબાદ એપ્રિલ-૨૦૧૭માં યુનિવર્સિટી દ્વારા સરકારમાં જાણ કરવામાં આવી હતી. જેમાં એવું જણાવ્યું હતું કે,યુનિવર્સિટી ૧૦૦ ટકા ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા છે. ત્યારે તેણે ફી નક્કી કરાવવા ફી કમિટી સમક્ષ જવું કે કેમ અથવા તો સરકાર તેમને મુક્તિ આપે. જેમાં સરકારે યુનિવર્સિટીને ૧૦૦ ટકા ગ્રાન્ટ ઈન એઈડ હોવાનું જણાવી ફી કમિટી તેને લાગુ ન પડે તેવી સ્પષ્ટતા કરી ઠરાવ કર્યો હતો. દરમિયાન હાઈકોર્ટમાં ફી અને ફેકલ્ટી મુદ્દે રિટ થઈ હતી. પરંતુ તેમાં ઠરાવને પડકાર્યો ન હોઈ ફી મુદ્દે કોઈ આદેશ કરાયો નહોતો. તેથી અરજદાર સંદીપ મુંજ્યાસરા દ્વારા આ મામલે નવી રિટમાં ઠરાવને પડકાર્યો છે.

# ગાંધીજીનો વિનોદ

॥ છવ્વીસમો મણકો ॥

**૬૯ - નાકની રક્ષા**

બારડોલીની લડત વેળા એક વાર ગાંધીજીનો મુકામ બારડોલીમાં હતો ત્યારે કેટલાક ખેડૂતો ગાંધીજીને મળવા આવ્યા હતા. એક ખેડૂતની ગાંધીજીને ઓળખાણ કરાવતાં એક મિત્રે કહ્યું, આ પટેલ વલ્લભભાઈને કહેવા આવ્યા છે કે અમારું માથું તમને આપ્યું છે, નાક નથી આપ્યું.

ગાંધીજી (હસીને) : વલ્લભભાઈને પણ નાક હશે ને ? પણ તમારું નાક જાળવવામાં જ વલ્લભભાઈની અને દેશની શોભા છે. એ તો ઠીક, પણ હજી તમારી પરીક્ષા આવે છે.

ખેડૂતો : તૈયાર છીએ.

**૭૦ - મારો સમય નકામો જતો નથી**

એક વાર આશ્રમમાં કવિવર ટાગોર પધાર્યા હતા. ગાંધીજી સાથે તેમણે ઘણી વાતો કરી તેથી ગાંધીજીનો બહુ સમય લીધો હોઈ તે માટે તેમણે ક્ષમા માગી




ગાંધીજી : ના જી. એવું કશું જ નથી, મારો વખત તો જરાય ગયો જ નથી. હું તો તમે જુઓ છો ને કે આપણી વાતોમાં જહાય વિક્ષેપ આણ્યા વિના કાંત્યે જ જાઉં છું.

**૭૧ - મહાત્માના પ્રતાપે**

એક વાર એક પત્રકાર ગાંધીજીને મળવા આવ્યો હતો. તેણે ગાંધીજીને અનેક સવાલો પૂછ્યા હતા. તેનતે આપેલા જવાબોમાં વિનોદનો પ્રવાહ વાક્યે વાક્યે વહે છે.

પત્રકાર : તમે ખરેખર મહાત્મા છો ?

ગાંધીજી : મને એવું લાગતું નથી. પણ ઈશ્વરે સર્જેલાં પ્રાણીઓમાંનું હું એક નમ્ર પ્રામી છું એવું મને લાગે છે.

પત્રકાર : મહાત્માની વ્યાખ્યા શી ?

ગાંધીજી : મહાત્મા હોઉં તો વ્યાખ્યા લખી આપું ને ?

પત્રકાર : તમે મહાત્મા ન હો તો તમારા અનુયાયીને તેમ કહેતા કેમ નથી ?


ગાંધીજી : જેમ જે હું તેની ના પાડું છું તેમ તેમ તેઓ એનો વધુ ઉપયોગ કરે છે.

પત્રકાર : પહેલાં તમે ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા હતા. હવે કેમ સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી કરો છો ?

ગાંધીજી : અફસોસ. એ સ્પેશિયલ ટ્રેન માટે મારું મહાત્માપદ જવાબદાર છે.


પત્રકાર : સ્વરાજ આવ્યા પછી તમારું સ્થાન ક્યાં હશે ?

ગાંધીજી : મને હવે ચડી ગયેલી લાંબી રજાઓ ભોગવવાનું ગમે છે. કદાચ તેને માટે હવે હું લાયક પણ ગણાઉં.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

## સોલૈયા પ્રજાપતિ સમાજનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી એચ. એસ. સી. (ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સોલૈયા ગામના વતની અને માણસા સાયન્સ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક બી. કે. પ્રજાપતિના પૌત્ર અને ગાંધીનગર સ્થિત ડૉ. રશ્મિન પ્રજાપતિના સુપુત્ર કુંજલ પ્રજાપતિએ ૯૯.૯૩ પર્સેન્ટાઈલ અને ૯૧.૧૪% ગુણાંક પ્રાપ્ત કરેલ છે. ગુજકેટ પરીક્ષામાં પણ તેઓએ ૧૧૦ ગુણ મેળવ્યા છે. ઉચ્ચ પ્રાપ્તાંક મેળવી કુંજલે સોલૈયા પ્રજાપતિ પરિવારને અનેરું ગૌરવ બક્ષ્યું છે. નીટ પરીક્ષામાં પણ ૬૦૦ જેટલા ઉચ્ચ સ્કોરની અપેક્ષા સાથે કુંજલ પોતાના પિતા અને મોટી બહેનની જેમ બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદમાં પ્રવેશ મેળવી ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરવા મહત્ત્વકાંક્ષી છે. સોલૈયા પ્રજાપતિ પરિવાર અને શાળાને ગૌરવ અપાવનાર કુંજલને પરિવાર અને સમાજ તરફથી અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યા છે.

### બાયોમેટ્રિક અપડેટમાં કોઈ પણ પ્રકારનો ચાર્જ નહિ લાગે

## આધારકાર્ડમાં ડેમોગ્રાફિક અપડેટ માટે હવે ૫૦ રૂપિયા આપવા પડશે

ગાંધીનગર, તા.૧૩

આધાર કાર્ડ હવે બહુ જરુરી બની ગયુ છે. એક વખત આધાર કાર્ડ બનાવ્યા બાદ ઘણાને તેમાં પાછળથી સુધારા પણ કરાવવા પડતા હોય છે. જોકે કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણય બાદ હવે આધાર કાર્ડ અપડેટ કરાવવુ મોંઘુ થઈ ગયુ છે. આધાર કાર્ડ અપડેટ કરવા માટેની ફીમાં ૨૨ એપ્રિલથી બદલાવ કરાયો છે. આધાર કાર્ડમાં બાયોમેટ્રિક અપડેટ માટે કોઈ ચાર્જ નહી લાગે પણ ડેમોગ્રાફિક અપડેટ માટે ૫૦ રુપિયા આપવા પડશે. બાયોમેટ્રિક અપડેટમાં હાથની આંગળીના નિશાન, આંખની કીકીનો સ્કેનનો સમાવેશ થાય છે. જ્યારે ડેમોગ્રાફિક અપડેટમાં વ્યક્તિના નામ, મોબાઈલ નંબર, પિતા કે પતિના નામનો સમાવેશ થાય છે.આ માટે ૫૦ રુપિયા આપવા પડશે.

જોકે એડ્રેસનુ ઓનલાઈન અપડેટ કરવા માટે કોઈ ચાર્જ નથી. ઈ કેવાયઈસી અથવા એ ફોર સાઈઝના પેપર પર આધારના કલર પ્રિન્ટ આઉટ માટે ૩૦ રુપિયા લેવાશે. તેનાથી વધુ ફી લેવી ગેરકાયદેસર હશે. જો કોઈ વધારે ચાર્જ લેતુ હશે તો ટોલ ફ્રી નંબર ૧૯૪૭ પર તેની ફરિયાદ કરી શકાશે.




ગુરગાંવ, હરિયાણા ખાતે તાજેતરમાં યોજાયેલી બીજી માસ્ટર્સ કપ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં ગુજરાતના જાણીતા ખેલાડી અંકિત ચિરાગ પટેલે બે ગોલ્ડ, બે સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ પોતાને નામે કર્યા છે. અંકિતને આ સિદ્ધિ બદલ રમતપ્રેમી નાગરિકોના અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યા છે.

## હવે પ્રાઈવેટ કારમાં પેસેન્જર ભરી ૩-૪ ટ્રિપ કરી કમાણી કરી શકાશે

ન્યુ દિલ્હી, તા.૧૨

જો તમારી પાસે કાર છે તો તમારી પાસે આવકની મોટી તક છે. હકીકતમાં કેન્દ્ર સરકાર પ્રાઈવેટ કારના કૉમર્શિયલ ઉપયોગના નિયમોમાં પરિવર્તન કરવા જઈ રહી છે. જો નિયમ બદલાઈ જશે તો તમે પ્રાઈવેટ કારમાં પેસેન્જર બેસાડી શકશો. પ્રાઈવેટ કારમાં પેસેન્જર ભરી તમે દિવસની ૩-૪ ટ્રિપ કરી શકશો.

એક અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ પરિવહન મંત્રાલય દ્વારા વ્હીકલ પૂલિંગ નીતિ તૈયાર કરવામાં આવી રહ્યાં છે. આ નિયમોને મંજૂરી આપતા પહેલાં એ નિશ્ચિત કરાશે કે કેબ અને ટેક્સી સેવા સમાપ્ત ન થઈ જાય. સરકાર આ નિયમો અંતર્ગત નીતિ આયોગની મદદ લઈ રહી છે.

અહેવાલમાં ટાક્યાં મુજબ, પ્રાઈવેટ વાહનોને સ્ટેટ ટ્રાન્સપોર્ટના એગ્રીગેટર સાથે જોડવામાં આવશે. જે લોકોએ પોતાના ખાનગી વાહનમાં પેસેન્જર ભરવા હોય તેમણે KYC કરાવવાનું રહેશે. ઉપરાતં પ્રાઈવેટ વ્હિકલમાં પેસેન્જર ભરવા માટે વીમો પણ ઉતરાવવાનો રહેશે.

રિપોર્ટ મુજબ પર્સનલ કાર માલિકોનો ડેટા આરટીઓના રજિસ્ટર્ડ વ્હિકલના ડેટાબેસમાં ફીડ કરવામાં આવશે. એના કારણે તે એકથી વધુ એગ્રીગેટર સાથે લોકોને નહીં જોડી શકે. વ્હીકલ પૂલિંગ માટે ટ્રિપની મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. રોજની ૩-૪ ટ્રીપ પ્રતિ કાર કરી શકાશે.

## જાણીતા ઉદ્યોગપતિ અને આઈટીસી ચેરમેન વાય.સી.દેવેશ્વરનું ૭૨ વર્ષની વયે નિધન

ન્યુ દિલ્હી, તા.૧૨

મશહૂર ઉદ્યોગપતિ અને આઈટીસી ચેરમેન વાય. સી. દેવેશ્વરનું ૭૨ વર્ષની વયે નિધન થયું છે. શનિવારે સવારે દેવેશ્વરે ગુરુગ્રામની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.

દેવેશ્વર ભારતની પ્રાઈવેટ કંપનીઓમાં મોખરાની એવી આઈટીસીમાં સૌથી લાંબા સમય સુધી ચેરમેન રહેનારી વ્યક્તિ હતા. આઈટીસીની વેબસાઈટ પર આપવામાં આવેલી માહિતી મુજબ દેવેશ્વર ૧૯૮૪ની ૧૧મી એપ્રિલે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર તરીકે નિયુક્ત કરાયા હતા. ત્યારબાદ પહેલી જાન્યુઆરી ૧૯૯૬થી તેમને બોર્ડના ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ બનાવાયા હતા.

આઈઆઈટી દિલ્હીથી એન્જિનિયરિંગ કરનારા દેવેશ્વરે ૧૯૬૮માં આઈટીસી કંપની જોઈન કરી હતી. આ દરમિયાન ૧૯૯૧થી ૧૯૯૪ સુધી તેઓ એર ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર પણ હતા. બાદમાં ૧૯૯૬માં તેઓ આઈટીસીના ચેરમેન બન્યા. ૨૦૧૧માં દેવેશ્વરને પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા.